ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી

તા 15/12/2022

- **ભારતને જોડાવાનું ભગીરથ કાર્ય માટે સમગ્ર દેશ પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબનો હંમેશા ઋણી રહશે**
- **'ભારત જોડો યાત્રા' એ પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના મુલ્યોનું પ્રતિબિંબ છે.**

પૂજ્ય લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે સતત સંઘર્ષ, અંસખ્ય બલિદાનો પછી મળેલી આઝાદી બાદ ભારતને જોડાવાનું ભગીરથ કાર્ય માટે સમગ્ર દેશ પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબનો હંમેશા ઋણી રહશે. લોખંડી પુરુષ પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલજીએ ૫૬૨ જેટલા રજવાડાં અને અંગ્રેજોના જમાનાની રિયાસતોને એકત્રિત કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. તેમના નેતૃત્વ અને મુત્સદીગીરીને કારણે દરેક રજવાડા ભારત સાથે જોડાવા સંમત થયાં હતાં. તેમજ તેમના દ્રઢ મનોબળના કારણે લોખંડી પુરુષ તરીકે પણ ઓળખાય છે. આદરણીયશ્રી રાહુલ ગાંધી દ્વારા શરુ કરવામાં આવેલ 'ભારત જોડો યાત્રા' એ પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના મુલ્યોનું પ્રતિબિંબ છે. દેશને અડગ-અગ્રેસર રહે તે માટે પૂજ્ય સરદાર સાહેબના વિચાર-મુલ્યો સાથે કોંગ્રેસ પક્ષ હંમેશા નાગરીકોની હક્ક અને અધિકાર માટે કાર્યરત રહ્યું છે અને રહેશે.

પૂજ્ય લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિતે કોંગ્રેસ પક્ષ દ્વારા સમગ્ર રાજ્યમાં જીલ્લા-તાલુકા મથકે પુષ્પાંજલિનો કાર્યક્રમ આયોજિત કરાયા હતા. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ આગેવાનો, ફ્રન્ટલના વડાશ્રીઓ, કાર્યકરો, સ્થાનિક આગેવાનશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

હિરેન બેંકર
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ
૯૭૨૩૫૫૦૩૫૫